॥જૈ જૈ શ્રી ગોકુલેશ॥

# શ્રી વિશાનીમા વૈષ્ણવ પંચ સમુદાય



Website : vishanimavaishnav.com

કાર્યાલય : C/o. નવનીત પી. મહેતા,૩/૧૭, મ્યુનિ. શોપિંગ સેન્ટર પ્રથમ માળ, બગીચા સામે, ગોધરા, જી. : પંચમહાલ

ફોન નં. (૦૨૬૭૨) (ઓ) ૨૪૧૬૨૧ (રહે) ૨૪૦૦૧૧, મોબ. ૯૪૨૮૫૧૨૧૮૪

## દિવાળી ભેટ

શ્રી વિશાનીમા વૈષ્ણવજ્ઞાતીના જે કુટુંબની વાર્ષિક આવક રૂ ૨/- લાખ કે તેથી ઓછી હોય તેને દર વર્ષે વર્ષમાં એકવાર મેડીકલેઇમ વીમો તથા એકસીડન્ટ વીમાના લાભ સાથે કુટુંબદીઠ રૂ. ૧૦૦૨/- આપવાની દરખાસ્ત છે. તેના નિયમો અને વિગતો નીચે મુજબ છે.

| | |
|---|---|
| ૧ | બેન્ક ઓફ બરોડામાં ખાતુ હોવું જરૂરી છે. ના હોય તો ખોલાવી દેવું. |
| ૨ | આ મેડીકલેઇમ વીમા પોલીશીમાં કુટુંબદીઠ રૂ. ૫૦,૦૦૦/-ની રકમનું જોખમ આવરી લે છે. અને એકસીડન્ટ પોલીશીમાં એક જ કુટુંબના ચાર સભ્યોએ અલગ અલગ એકસીડન્ટ વીમા પોલીશીના રૂ. ૧૨/- લેખે રૂ. ૪૮/- થશે. આમ કુલ રકમ સહાય પેટે રૂ. ૯૫૪/- + રૂ. ૪૮/- = રૂ. ૧૦૦૨/- ચુકવવામાં આવશે. એટલે એકસીડન્ટના કુટુંબદીઠ ૪ X રૂ. ૧,૦૦,૦૦૦/- = રૂ. ૪,૦૦,૦૦૦/- થશે. |
| ૩ | સદર મેડીકલેઇમ બેન્ક ઓફ બરોડા દ્વારા નેશનલ ઇન્શ્યોરન્સ કંપનીનો લેવો પડશે. તેમજ સેન્ટ્રલ ગવર્નમેંટ દ્વારા એકસીડન્ટ વીમો બેન્ક ઓફ બરોડા દ્વારા લેવો પડશે. આમ બન્ને યોજનાના વીમા બેન્ક ઓફ બરોડા દ્વારા લીધેલ હોવા જોઈએ. |
| ૪ | આ યોજનાનો અમલ તા. ૧૪-૧૧-૨૦૧૬ને દેવ દિવાળીના દિવસથી અમલ કરવાની દરખાસ્ત છે. એટલેકે જેને તા. ૦૧-૧૧-૨૦૧૬ પછી આ બન્ને પ્રકારના વીમાના પ્રીમિયમ ભરેલ હશે તેને જ લાભ મળશે. અને જે બાકી હોય તે વ્યક્તિએ ડીસેમ્બર માસમાં લેવાના અને જેને જે માસમાં લીધેલ હશે તેને દર ચાર માસના સમયમાં ચુકવવામાં આવશે જેથી વહીવટમાં સુગમતા રહે. |
| ૫ | આ મેડીકલેઇમ વીમાની તથા એકસીડન્ટ વીમાના કલેઇમની ચુકવણી માટે બન્ને પોલીશીની ઝેરોક્ષ તથા બેન્ક ઓફ બરોડાનો આપના ખાતાનો રદ કરેલ ચેક અથવા પાસબુકની નામવાળી ઝેરોક્ષ વંચાય તેવી મોકલવી. |
| ૬ | સદર રકમ બેન્કમાં જમા થશે કોઈએ રૂબરૂમાં રોકડા કે ચેકથી આપવામાં આવશે નહીં. |
| ૭ | બેન્ક ઓફ બરોડામાં આ યોજના હેઠળ સમુદાય તરફથી જમા કરેલ રકમ કોઈપણ સંજોગોમાં ઉપાડવી નહીં. |
| ૮ | આ લાભ લેનાર વ્યક્તિને પંચ તરફથી મેડીકલ સહાય આપવામાં આવશે નહીં. પરંતુ વીમા કંપનીએ તેનો કલેઇમ આપવાનો ઇનકાર કરે અથવા તો વીમા કંપનીના નિયમ મુજબ મળી શકે તેમ ના હોયતો આવા સંજોગોમાં મેડીકલ સહાય પંચ તરફથી નિયમોનુસાર આપવામાં આવશે. |

| | |
|---|---|
| ૯ | દરરોજના રૂ. ૧/- લેખે વર્ષના રૂ ૩૬૫/- ના ભેગી થયેલ રકમ આ યોજનામાં વાપરવામાં આવશે તેમજ આ યોજનામાં એકી સાથે જેને રૂ. ૫૦૦૦/- આપેલ છે તેના વ્યાજમાથી આ સહાય કરવામાં આવશે. |
| ૧૦ | આ યોજનાનુ નામકરણ કરવાનું હોવાથી આ યોજનાનુ નામ નીચે મુજબ આપવામાં આવશે. શ્રી XYZ વિશાનીમા વૈષ્ણવ મેડીકલ અને એકસીડન્ટ સહાય ફંડ. આ યોજનાના નામકરણ માટે રૂ. ૨૧,૦૦,૦૦૦/- નક્કી કરવામાં આવેલ છે. હાલ આ નામ માટે રૂ. રૂ. ૨૧,૦૦,૦૦૦/-ની દરખાસ્ત આવેલી છે. પરંતુ કોઈને વધારે રકમ આપવાની ઇચ્છા હોયતો પ્રમુખશ્રીને લેખીત જાણ તા. ૩૧-૧૨-૨૦૧૬ સુધીમાં કરવાની રહેશે. જેની વધારે રકમ હશે તેને લેખીત જાણ કરવામાં આવશે અને તેઓએ રૂ. ૫,૦૦,૦૦૦/- એડવાંસ આપવાના રહેશે. |
| ૧૧ | આ મેડીકલેઇમ વીમાની પોલીશીમાં પંચ તરફથી નિશ્ચિત તારીખે બેન્ક ઓફ બરોડામાં જરૂરી રકમ દર વર્ષે ભરી દેશે જેથી વીમો ઓટો રીન્યુયલ થઈ જશે પણ પોલીશી લેવા માટે બેન્ક ઓફ બરોડામાં જવું પડશે. |

વધુ જાણકારી માટે શ્રી દીપકભાઈ ડી. ગાંધી. વડોદરા (કન્વીનર શ્રી સામાજીક સુરક્ષા) નો સંપર્ક કરવો.

નવનીત પી. મહેતા
પ્રમુખ

ભરત વી. ગાંધી
મંત્રી